જા.નં.મકમ/શિ.સહા/મ.શિ./આ.કેમ્પ /૨૦૨૬/19459

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવાસદન-૨
એ/૩ માળ,અઠવાલાઇન્સ,સુરત
તા.03/07/૨૦૨૬

**નકલ રવાના જાણ તથા તાત્કાલિક અમલ કરવા સારૂ..**

૨/- આ સાથે સામેલ સંદર્ભ પત્ર અન્વયે જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકોની જિલ્લા આંતરિક ફેરબદલી નિયત કરેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે આ સાથે નિયત કરેલ અરજીના નમૂના મુજબ તેમજ અન્ય પત્રક મુજબ આંતરિક ફેરબદલીની કાર્યવાહી, ઠરાવની જોગવાઇ નં.૯ મુજબ કરવાની થાય છે.આ બાબતે શાળાના આચાર્યશ્રીએ દરેક શિક્ષકને કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો,સુરત

પ્રતિ,
આચાર્યશ્રી,
જિલ્લાની તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ.

Scanned with OKEN Scanner

Letter No: COS/0050/07/2026 Approved Date: 02-07-2026 02:25

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
પુનિત વનની સામે, સેક્ટર-૧૯,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.–૩૮૨૦૨૧

ક્રમાંક- COS/BDL/e-file/276/2026/2079/Establishment/m-9 તા. e-sign મુજબ

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ.

વિષય :- સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકોની જિલ્લા આંતરિક ફેરબદલી બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગના તા.૧૨/૧૧/૨૦૨૪ તથા તા.૧૦/૦૨/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક- ED/GMO/e-file/3/2022/1897/G-1

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકોની બદલીના નિયમો સંદર્ભદર્શિત ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે મુજબ, આપના જિલ્લાની સરકારી શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષણ સહાયકો/મદદનીશ શિક્ષકોની જિલ્લા આંતરિક ફેરબદલી કરવાની થાય છે. ઠરાવની જોગવાઇ નં.(9) મુજબ, <u>જિલ્લા આંતરિક ફેરબદલીની કાર્યવાહી તથા હુકમો સંબંધિત કાર્યવાહી આપની કક્ષાએથી ઓફલાઇન માધ્યમથી કરવાની રહેશે</u>. જે માટે નીચે દર્શાવ્યા પ્રમાણે આંતરિક બદલી કેમ્પ સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે.

| ક્રમ | વિગત | સમય |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ માધ્યવાર, શાળાવાર, વિષયવાર ખાલી જગ્યાની વિગતોની અરજી કરતા પહેલા શાળા મારફત તમામ શિક્ષકોને જાણ કરવી | ૦૪/૦૭/૨૦૨૬ સુધીમાં |
| ૨ | તમામ સંસ્થાઓને જાણ કરી નિયત અરજી ફોર્મમાં આંતરિક બદલી કરવા ઇચ્છુક શિક્ષકોની શાળાના આચાર્ય મારફત આધારો સાથેની અરજી મેળવવાની કાર્યવાહી | ૦૭/૦૭/૨૦૨૬ સુધીમાં |
| ૩ | શિક્ષણ વિભાગના બદલી ઠરાવની જોગવાઇને ધ્યાને લઇ કામચલાઉ મેરિટ યાદી પ્રસિધ્ધ કરવી | ૧૦/૦૭/૨૦૨૬ સુધીમાં |
| ૪ | કામચલાઉ મેરિટ યાદી અન્વયે શિક્ષકો પાસેથી વાંધા=અરજી કે અન્ય રજૂઆતો કરવા બાબત | ૧૩/૦૭/૨૦૨૬ સુધીમાં |
| ૫ | ઉક્ત વાંધા-અરજી કે રજૂઆતો નિયમોનુસાર ચકાસણી કર્યા બાદ આખરી મેરીટ યાદી પ્રસિધ્ધ કરવી અને કેમ્પની તારીખ જાહેર કરવી | ૧૪/૦૭/૨૦૨૬ સુધીમાં |
| ૬ | આખરી મેરીટ યાદી તથા ખાલી જગ્યા મુજબ આંતરિક ફેરબદલીના હુકમો પ્રસિધ્ધ કરવા અંગેની કાર્યવાહી | ૧૬/૦૭/૨૦૨૬ સુધીમાં |



Scanned with OKEN Scanner

જિલ્લા આંતરિક બદલી કેમ્પ અંગે સંદર્ભદર્શિત ઠરાવથી થયેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**જિલ્લા કક્ષાના આંતરિક બદલી કેમ્પમાં ધ્યાનમાં રાખવાપાત્ર અગત્યની માર્ગદર્શક સૂચનાઓ:-**

1) શિક્ષણ વિભાગના તા.૧૨/૧૧/૨૦૨૪ તથા તા.૧૦/૦૨/૨૦૨૫ના ઠરાવને ધ્યાને લઇ જિલ્લા આંતરિક કેમ્પ ઓફલાઇન માધ્યમથી કરવાનો રહેશે.

2) જિલ્લા આંતરિક ફેરબદલી શિક્ષણ વિભાગના તા.૧૨/૧૧/૨૦૨૪ના ઠરાવ તથા તા.૧૦.૦૨.૨૦૨૫ના ઠરાવની જોગવાઇઓને ધ્યાને લઇ ઠરાવમાં જણાવ્યા મુજબ મેરિટ સિસ્ટમ મુજબ કરવાની રહેશે.

3) એક પણ કિસ્સામાં આપના તરફથી પ્રસિધ્ધ કરવામાં આવેલ ખાલી જગ્યા બાબતે, વિષય બાબતે કે અન્ય કોઇ બાબતે પ્રશ્ન ઉપસ્થિત ન થાય એ અંગેની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

4) દરેક જિલ્લાશિક્ષણાધિકારીશ્રીએ સરકારી, RMSA અને મોડેલ સ્કુલની તા.૦૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ખાલી જગ્યાઓની વિષયવાર શાળાવાર યાદી તૈયાર કરવાની રહેશે. આ રીતે ખાલી જગ્યાઓની વિગતની નકલ દરેક સરકારી શાળા/સંસ્થાને કેમ્પ પહેલાં મોકલી આપી શાળા/સંસ્થા મારફત દરેક શિક્ષકને જાણ કરવાની રહેશે.

5) **દિવ્યાંગ ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દર્શાવેલ જિલ્લાવાર શાળાવાર વિષયવાર ખાલી જગ્યાઓની વિગત આ સાથે સામેલ રાખેલ છે. દિવ્યાંગ ખાસ ભરતી પ્રક્રીયા હાલ કાર્યરત હોઇ આ ખાલી જગ્યાઓ આ કેમ્પમાં દર્શાવવાની રહેશે નહીં.**

6) જિલ્લા આંતરિક ફેરબદલી કેમ્પમાં ભાગ લેવા માંગતા શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકોની અરજીઓ મેળવી ઠરાવની જોગવાઇઓ મુજબ કામચલાઉ મેરિટ યાદી પ્રસિધ્ધ કરવાની રહેશે અને જે બાદ શિક્ષકો પાસેથી વાંધા-અરજી કે સુધારા-વધારાની રજૂઆતો હોય તો તે આધાર-પુરાવા સહ મેળવી નિયમોનુસાર ચકાસણી કર્યા બાદ આખરી મેરિટ યાદી જાહેર કરવાની રહેશે અને એ મુજબ આંતરિક ફેરબદલીના હુકમો પ્રસિધ્ધ કરવાના રહેશે.

7) કેમ્પમાં ભાગ લેનાર તમામ શિક્ષકોનું હાજરી પત્રક નિભાવવાનું રહેશે.

8) મહિલા અને દિવ્યાંગ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકે અરજીની તારીખે ઓછામાં ઓછી એક વર્ષની સેવાઓ પૂર્ણ કરેલ હોય તો તેઓ આંતરિક જિલ્લા ફેરબદલી કેમ્પ માટે અરજી કરી શકશે.

9) જે શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકના પતિ કે પત્ની રાજ્ય સેવા, પંચાયત સેવા કે રાજયના કોઇ જાહેર સાહસો/બોર્ડ/કોર્પોરેશન(નિગમો)/અનુદાનિત સંસ્થાઓમાં નોકરી (૧૧ માસના કરાર કે આઉટસોર્સિંગ સિવાયના) કરતા હોય તથા જે શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકના પતિ/પત્ની ભારત સરકારના કર્મચારી તથા રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારી તરીકે નિયમિત નિમણૂંકથી ફરજ બજાવતા હોય તેઓએ અરજીની તારીખે ઓછામાં ઓછી એક વર્ષની સેવાઓ પૂર્ણ કરેલ હોય અને અન્ય શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકના કિસ્સામાં અરજીની તારીખે ઓછામાં ઓછી બે વર્ષની સેવાઓ પૂર્ણ કરેલ હોય તો તેઓ આંતરિક



Scanned with OKEN Scanner

જિલ્લા ફેરબદલી કેમ્પ માટે અરજી કરી શકશે.

10) શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકના સેવાના સમયગાળાની ગણતરી કરતી વખતે બિનપગારી/અસાધારણ રજાઓનો સમયગાળો અચૂક બાદ કરવાનો રહેશે.

11) જે શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક સામે કોઇ ખાતાકીય તપાસ ચાલતી હોય અથવા ફરજમોકૂફી હેઠળ હોય તેઓ ફેરબદલી કેમ્પમાં ભાગ લઇ શકશે નહીં. આ બાબતની ખાસ કાળજી લેવાની રહેશે.

12) એક જિલ્લામાં આંતરિક ફેરબદલીનો લાભ વધુમાં વધુ બે વખત જ મળવાપાત્ર થશે. એક વાર આંતરિક જિલ્લા ફેરબદલી કેમ્પનો લાભ મેળવ્યા બાદ એ જ જિલ્લામાં બીજી વખત આંતરિક જિલ્લા ફેરબદલી માટે શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇ નં.(૮) (d) મુજબ સામાન્ય સંજોગોમાં ત્રણ વર્ષ સુધી પુનઃઅરજી કરી શકાશે નહીં. અને એ જ રીતે એક વખત જિલ્લા ફેરબદલીનો લાભ મેળવ્યા બાદ પુનઃ જિલ્લા ફેરબદલી માટે ઠરાવની જોગવાઇ નં.(૮) (d) મુજબ ત્રણ વર્ષ સુધી પુનઃ અરજી કરી શકાશે નહીં. પરંતુ આંતરિક ફેરબદલીનો લાભ મેળવી જિલ્લાફેર બદલી માટે અરજી કરી શકાશે એ જ રીતે જિલ્લાફેર બદલીનો લાભ મેળવ્યા બાદ આંતરિક બદલી માટે અરજી કરી શકાશે.

ઉદાહરણ તરીકે X શિક્ષકની સેવાને એક વર્ષ પૂર્ણ થયા બાદ રાજકોટ જિલ્લામાં આંતરિક કેમ્પનો લાભ મેળવી બદલી મેળવે છે આથી તે શિક્ષક જિલ્લા ફેરબદલી માટે અરજી કરી શકશે પરંતુ એ જ જિલ્લામાં આંતરિક ફેરબદલી માટે ત્રણ વર્ષ બાદ આંતરિક બદલીનો લાભ મળશે. જો X શિક્ષકની સેવાને એક વર્ષ પૂર્ણ થયા બાદ રાજ્ય કક્ષાના કેમ્પમાં રાજકોટથી સુરત બદલી કરી હાજર થાય છે. આથી હવે તે રાજ્યકક્ષાના બદલી કેમ્પમાં ત્રણ વર્ષ બાદ ભાગ લઇ શકશે પરંતુ સુરત જિલ્લાના આગામી આંતરિક બદલી કેમ્પમાં ભાગ લઇ શકશે.

13) ખાસ કેટેગરી માટે શિક્ષણ વિભાગના તા.૧૨/૧૧/૨૦૨૪ તથા તા.૧૦/૦૨/૨૦૨૫ના ઠરાવના મુદ્દા નં.૫ થી નિયત થયેલ જોગવાઇનો અમલ કરવાનો રહેશે. આ બાબતની ખાસ તકેદારી કરવાની રહેશે.

14) ખાસ કેટેગરીનો લાભ સમગ્ર નોકરી દરમિયાન એક વાર જિલ્લા ફેરબદલી માટે તથા એક વાર જિલ્લા આંતરિક ફેરબદલી માટે મળવાપાત્ર થશે. ખાસ કેટેગરીનો લાભ મેળવ્યા અંગેની નોંધ કર્મચારીની સેવાપોથીમાં કરવાની રહેશે. પુરાવાના અભાવે આ કેટેગરીનો લાભ મળવાપાત્ર રહેશે નહીં. આ બાબતે અગાઉ અન્ય કોઇપણ પ્રકારની ખાસ કેટેગરી(તબીબી કારણોસરના ખાસ કિસ્સા સહિત)નો લાભ લીધેલ નથી તે મતલબનું 'સ્વ-ઘોષણાપત્ર'(Self-Declaration) મેળવી લેવાનું રહેશે.

15) અગાઉ તબીબી કારણોસર ખાસ કિસ્સામાં બદલી થયેલ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકે એક બદલીની તક મેળવેલ ગણાશે. (ખાસ કેટેગરીનો લાભ પણ મેળવેલ છે એમ ગણાશે.)

16) કેમ્પમાં જે-તે વિષયના શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકને જે-તે મુખ્ય વિષયની ખાલી જગ્યાઓ પર જ મૂકવાના રહેશે. વિષયોમાં બાંધછોડ કરીને કોઇ બદલી કરી શકાશે નહીં. ઉદાહરણ તરીકે શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષનો નિમણૂંકનો વિષય સામાજિક વિજ્ઞાન હોય તો તેમની બદલી સામાજિક વિજ્ઞાનના વિષયની ખાલી જગ્યા જ પર કરી શકાશે.

17) ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિમણૂક પામેલ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકની ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અને માધ્યમિક વિભાગમાં નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકની માધ્યમિક વિભાગમાં જ બદલી થઇ શકશે.

18) બદલી દરમિયાન કોઇ પણ સમયે શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક/કચેરી દ્વારા રજૂ કરાયેલ વિગતો સાચી ન હોવા અંગે/બનાવટી હોવા અંગેનું માલૂમ પડશે તો સંબંધિત કચેરીના વડા તથા તેમજ સંબંધિત શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક વિરુધ્ધ શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે, શિક્ષણ



Scanned with OKEN Scanner

સહાયક/મદદનીશ શિક્ષકના ખાનગી અહેવાલમા વિરુધ્ધ નોધ આપી તે કાયમી રાખવામા આવશે, તેમજ સંબંધિત શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકને ભવિષ્યમાં થનાર બદલી પ્રક્રીયામાં ભાગ લેવા દેવામાં આવશે નહીં.

19) બદલીમાં ભાગ લેનાર શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક સક્ષમ અને પુખ્ત સમજણ ધરાવતાં હોઇ, એકવાર પોતાની માંગણીથી પસંદ કરેલ જિલ્લા/શાળાનો હુકમ કોઇપણ સંજોગોમાં રદ થઇ શકશે નહી. જેથી અન્ય ઉમેદવારને અન્યાય થવાની સંભાવના રહે નહીં.

20) કેમ્પમાં બદલી હુકમ થયેથી શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકને ફરજિયાત છૂટા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્ય અને જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે. કેમ્પમાં થયેલ બદલીઓમાં શાળામાં ઓછામાં ઓછ ૧(એક) નિયમિત ભરતી પ્રક્રીયાથી નિમાયેલ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકનું મહેકમ જળવાતું હોય તે રીતે કાર્યદિન(Working Day)-૭માં ફરજિયાતપણે શાળા અને જિલ્લા કક્ષાએથી ફરજમુક્ત(relieve) કરવાના રહેશે. આ સૂચનાનો યોગ્ય અમલ થાય તે જોવાની જવાબદારી સંબંધિત શાળાના આચાર્ય અને જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે.

21) અગાઉ કોઇપણ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકની ફેરબદલી કરવામાં આવેલ હોય પરંતુ નવી નિમણૂંક વાળા શિક્ષકો ન મૂકી શકવાના કારણે અથવા ઉક્ત દર્શાવ્યા મુજબ ઓછામાં ઓછા ૧(એક) નિયમિત ભરતી પ્રક્રિયાથી નિમાયેલ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકનું મહેકમ જળવાતું ન હોવાના કારણે જેઓને છૂટા કરવામાં આવ્યા નથી અને હાલ પોતાની મૂળ શાળામાં જ કામ કરે છે તેવા મદદનીશ શિક્ષકો/શિક્ષણ સહાયકોને બદલી થયેલ જગ્યાએ હાજર થયેલ છે (એટલે કે જગ્યા ભરાયેલ છે) તેમ ગણવાનું રહેશે તથા મૂળ શાળાની જગ્યા ખાલી ગણવાની રહેશે.

22) સેવાના સમયગાળાની ગણતરી માટે હાજર તારીખ ધ્યાને લેવાની રહેશે. પરંતુ અગાઉ બદલી કેમ્પમાં મહેકમના અભાવ કે વહીવટી કારણોસર છૂટા થઇ ન શકેલા શિક્ષકો માટે એટલે કે જે શિક્ષકોએ અગાઉ બદલીનો લાભ લીધેલ હોય તેવા કિસ્સા માટે સેવાના સમયગાળાની ગણતરીમાં બદલીવાળી જગ્યાએ હાજર થયા તારીખથી ન ગણતાં, જે તે બદલીના હુકમની તારીખને ધ્યાને લેવાની રહેશે.

23) બદલી કેમ્પમાં લાભ મેળવેલ ઉમેદવાર ફેરબદલી થયેલ જગ્યા પર હાજર થવા માટે ફરજમુક્ત/છૂટા થાય અને ફેરબદલી થયેલ જગ્યાએ હાજર થાય ત્યારે અચૂકપણે તેની સેવાપોથીમાં નોંધ કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે.

24) જિલ્લાના આંતરિક ફેરબદલી કેમ્પનું આયોજન અત્રેની કચેરીને અચૂક મોકલી આપવાનું રહેશે.

25) ઉમેદવારે ફેરબદલી કેમ્પમાં સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું થશે.

26) આ ઉપરાંત જિલ્લા આંતરિક ફેરબદલી માટે શિક્ષણ વિભાગના તા.૧૨/૧૧/૨૦૨૪ના સંદર્ભદર્શિત ઠરાવના મુદ્દા નં.(૨) થી (૫) તથા (૮) મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

27) ઉક્ત સુચનાઓ શિક્ષણ વિભાગના તા.૧૨/૧૧/૨૦૨૪ના ઠરાવને ધ્યાને લઇને માર્ગદર્શનના હેતુસર બહાર પાડવામાં આવેલ છે. જો કોઇ વિસંગતતા થશે તો શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇ આખરી ગણાશે.

નોંધ પર માન.કમિશનરશ્રીની મળેલ મંજૂરી મુજબ,

બિડાણ :- અરજી ફોર્મ+ આધારોની વિગત+
ઠરાવ+દિવ્યાંગ ખાસ ભરતી ખાલી જગ્યાની વિગત

e-sign
નાયબ શિક્ષણ નિયામક



Scanned with OKEN Scanner

(મહેકમ)
ગુ.રા.,ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના જાણ સારુ :-</u>

- માન. અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- માન. કમિશનરશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.
- નાયબ સચિવશ્રી, ગ-૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.



Scanned with OKEN Scanner

# -:: જિલ્લા કક્ષાના આંતરિક ફેરબદલી કેમ્પ માટેની અરજીનો નમૂનો ::-

વિભાગ:-.......................... વિષય:- .........................

(માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક પૈકી કોઇ એક દર્શાવવું.)

૧) ઉમેદવારનું પૂરું નામ :- .....................................................................................

જન્મ તારીખ :- ............../............../.............

નિવૃત્તિ તારીખ :- ............../............../.............

જાતિ:- સ્ત્રી/પુરુષ

મોબાઈલ નંબર :- ....................................................................................

કર્મયોગી HRPN No.:- .................................................

૨) મૂળ વતનનું પૂરૂં સરનામું :-

(સેવાપોથીના આધારે) ..........................................................................

..........................................................................

..........................................................................

૩) મૂળ નિમણૂક તારીખ (હાજર તારીખ):- ............../............../.............

મૂળ નિમણૂક વિષય:- .....................................

શૈક્ષણિક લાયકાત :- .......................................................

૪) હાલની શાળામાં થયેલ બદલી/નિમણૂક હુકમની તારીખ:- ............../............../.............

હાજર તારીખ :- ............../............../.............

(નિમણૂક હુકમ તથા હાજર થયા અંગેની સેવાપોથીની નોંધ સામેલ રાખવી.)

પ્રતિનિયુક્તિ પર હોય તો એની વિગત:- ...............................................................

૫) હાલ કામ કરતા હોય તે શાળાનું નામ અને સરનામું :-

..........................................................................

..........................................................................

૬) બિનપગારી /અસાધારણ રજાની વિગત:-

| ક્રમ | સમયગાળો | દિવસોની સંખ્યા |
|---|---|---|
| | | |

૭) અગાઉ આ જ જિલ્લામાં આંતરિક જિલ્લા ફેરબદલીનો લાભ લીધેલ છે કે કેમ? (હા કે ના)....

(એક જિલ્લામાં આંતરિક જિલ્લા ફેરબદલીનો લાભ મહત્તમ બે વખત જ મળવાપાત્ર થશે.)

જો હા તો, હુકમની તારીખ:- ............../............../...........

હાજર થયા તારીખ:- ............../............../...........

ત્રણ વર્ષ પુર્ણ કર્યા તારીખ:- ............../............../...........

ખાસ કેટેગરી/અગ્રતાનો લાભ મેળવેલ છે? ............. જો હા તો કેટેગરીનો પ્રકાર...............

Scanned with OKEN Scanner

૮) હાલ ખાસ કેટેગરી માટે અરજી કરો છે? (હા કે ના)...............
(દિવ્યાંગ/વિધવા/વિધુર/ત્યક્તા/સચિવાલય દંપતી/અન્ય દંપતી આમાંથી કોઈપણ એક લાગુ પડતુ હોય તે જ જણાવવું)
(ખાસ કેટેગરીનો લાભ સમગ્ર નોકરી દરમ્યાન જિલ્લા આંતરિક બદલીમાં એક વાર અને જિલ્લા બદલીમાં એક વાર મળવાપાત્ર થશે.)

૯)છેલ્લા ત્રણ વર્ષનું (નિમણૂક/ભણાવતા) પોતાના વિષયનું પરિણામ અને વિદ્યાર્થી સંખ્યા :-

| ક્રમ | વર્ષ | SSC/HSC | વિષય | વિષયના પરિણામના ટકા |
|---|---|---|---|---|
| ૧ | માર્ચ-૨૦૨૪ | | | |
| ૨ | માર્ચ-૨૦૨૫ | | | |
| ૩ | માર્ચ-૨૦૨૬ | | | |
| સરેરાશ | | | | |

આથી ........................................................... હું મદદનીશ શિક્ષકશ્રી જાહેર કરું છું કે મેં ઉપર જણાવેલ તમામ માહિતી સાચી છે. ભવિષ્યમાં તે ક્યારેય ખોટી સાબીત થશે તો આ અરજીના આધારે થયેલ મારી બદલી રદ થવાને પાત્ર ઠરશે અને મારા વિરૂધ્ધ ગુજરાત રાજય સેવા શિસ્ત અને અપિલના નિયમો-૧૯૭૧ હેઠળ જે કોઈ કાર્યવાહી કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે તેની આથી હુ બાંહેધરી આપુ છું.

તારીખ ........./........./.........

સ્થળ ..............................

સહી/-

શિક્ષક/શિક્ષણ સહાયક

રજુ કરેલ ઉક્ત માહિતી સાચી હોવા બાબતે આધાર-પુરાવાની મેં જાતે ચકાસણી કરેલ છે અને યોગ્ય જણાય છે. શિક્ષણ વિભાગના ઠરાવથી નિયત થયેલ અરજી અંગેની પાત્રતા ધરાવે છે. વધુમાં આજની તારીખે ઉક્ત કર્મચારી સામે કોઇ પ્રાથમિક તપાસ/ખાતાકીય તપાસ/પોલીસ કેસ ચાલુ/પડતર/સુચિત નથી તથા તેઓ પાસેથી કોઇ સરકારી લ્હેણું/રીકવરીની વસૂલાત બાકી નથી. આધાર પુરાવાની ચકાસણી કરતાં જિલ્લા આંતરિક ફેરબદલી માટે યોગ્ય જણાય છે.

તારીખ ........./........./.........

સ્થળ ..............................

(આચાર્યના સહી/સિક્કા)

Scanned with OKEN Scanner

## સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકોની જિલ્લા આંતરિક બદલી માટે અરજી સાથે સામેલ રાખવાના થતા આધાર-પુરાવાનું લિસ્ટ

| ક્રમ | વિગત | આધાર-પુરાવા | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | જિલ્લા આંતરિક ફેરબદલીની અરજી અંગે કબૂલાતનો નમૂનો | પરિશિષ્ટ-૩ | તમામે રજુ કરવાનું રહેશે. |
| ૨ | મૂળ નિમણૂંક તારીખ | • નિમણૂંક હુકમ<br>• હાજર થયા અંગેની સેવાપોથીની નોંધ | તમામે રજુ કરવાનું રહેશે. |
| | હાલની શાળામાં નિમણૂંક તારીખ | • નિમણૂંક હુકમ<br>• હાજર થયા અંગેની સેવાપોથીની નોંધ | તમામે રજુ કરવાનું રહેશે. |
| ૩ | પ્રતિનિયુક્તિ પર હોય તો | હુકમની નકલ અને હાજર થયા અંગેનો આધાર | |
| ૪ | નોકરીની શરૂઆતથી અત્યાર સુધી બજાવેલ ફરજનો સેવાવૃતાંત | સેવા વૃતાંત (પરિશિષ્ટ-૯) | તમામે રજુ કરવાનું રહેશે. |
| ૫ | હાલ ખાસ કેટેગરીના લાભ માટે અરજી કરેલ હોય તો | • અગાઉ અન્ય કોઇપણ પ્રકારની ખાસ કેટેગરી (તબીબી કારણોસરના ખાસ કિસ્સા સહિત)નો લાભ લીધેલ નથી તે મતલબનું ' સ્વ-ઘોષણાપત્ર' (Self Declaration) | |
| | ખાસ કેટેગરી- દિવ્યાંગ | દિવ્યાંગતાની ટકાવારી 40% કે તેથી વધુ દર્શાવતું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર | જો વિવાદ ઉભો થાય તો 'તબીબી પંચ' (Medical Board)નું પ્રમાણપત્ર |
| | ખાસ કેટેગરી- દંપતી કેસ | • લગ્ન નોંધણી અંગેનું પ્રમાણપત્ર<br>• પરિશિષ્ટ-૬ મુજબનું પ્રમાણપત્ર | જેઓના પતિ-પત્ની રાજ્ય સેવા/પંચાયત સેવા કે રાજ્યના કોઇ જાહેર સાહસો/બોર્ડ/કોર્પોરેશન(નિગમ)/અનુદાનિત સંસ્થાઓમાં ફિક્સ પગાર કે નિયમિત નિમણૂંક કરતા હોય તેમને માટે<br>(૧૧ માસના કરાર કે આઉટસોર્સિંગ સેવા ધ્યાને લેવાની થતી નથી.) |
| | ખાસ કેટેગરી- વિધવા/વિધુર | • વિધવા/વિધુર હોવા અંગેનું તથા પુનઃ લગ્ન કરેલ ન હોવા અંગેનું પરિશિષ્ટ-7(અ) Self-Declaration<br>• પતિ/પત્નીના મરણનો દાખલો | |
| | ખાસ કેટેગરી- ત્યક્તા | • સક્ષમ સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર<br>• પરિશિષ્ટ-7(બ) Self-Declaration | |

Scanned with OKEN Scanner

# પરિશિષ્ટ-૯

## નોકરીની શરૂઆતથી અત્યાર સુધી બજાવેલ ફરજનું સેવાવૃતાંત પત્રક

શિક્ષકનું પૂરૂં નામ:-

| ક્રમ | શાળા/કચેરીનું નામ અને સરનામું | જિલ્લો | હોદ્દો | સમયગાળો | | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| | | | | તારીખથી | તારીખ સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

સહી-સિક્કા
આચાર્ય

સહી-સિક્કા
જિલ્લાશિક્ષણાધિકારી

Scanned with OKEN Scanner

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક/ મદદનીશ શિક્ષકોની બદલીના નિયમો.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ.
ઠરાવ ક્રમાંક: ED/GMO/e-file/3/2022/1897/G-1
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

1. શિક્ષણ વિભાગનો તારીખ ૧૨/૧૧/૨૦૨૪નો સરખા ક્રમાંકનો ઠરાવ
2. કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરનો તારીખ ૨૦/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક: COS/BDL/e-file/276/2024/0279/Establishment/379
3. કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરનો તારીખ ૨૩/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક: COS/BDL/e-file/276/2024/0279/Establishment/463

**પ્રસ્તાવના:**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૧૨/૧૧/૨૦૨૪ના ઠરાવથી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક/ મદદનીશ શિક્ષકોની બદલીના નિયમો/કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. સદર ઠરાવમાં દંપતિ કેસમાં ભારત સરકારના કર્મચારીઓ તથા રાષ્ટ્રીયકૃત બેંકમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીનો ઉલ્લેખ કરવા તથા મેરિટ સિસ્ટમમાં ત્રણ વર્ષના પરિણામ તથા વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે રાખેલ ગુણાંકન દૂર કરવાની વિચારણા માટે કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરે વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૨૦/૦૧/૨૦૨૫ના પત્રથી તથા વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તારીખ ૨૩/૦૧/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૧૨/૧૧/૨૦૨૪ના ઠરાવમાં નીચે મુજબની સ્પષ્ટતા/જોગવાઈ કરવામાં આવે છે.

1. ઉક્ત ઠરાવના જોગવાઇ નં.(૨)(બ) અને (૫)(બ) માં દર્શાવેલ દંપતિના કિસ્સાનો લાભ જે શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકના પતિ/પત્ની ભારત સરકારના કર્મચારી તથા રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારી તરીકે નિયમિત નિમણૂંકથી ફરજ બજાવતા હોય તેઓને પણ મળવાપાત્ર થશે.
2. ઉક્ત ઠરાવની જોગવાઇ નં. (૪)માં સમાવિષ્ટ કોષ્ટકના ક્રમ ૨ સામે "પતિ પત્નીની સરકારી નોકરી-કેટેગરી માટે" ના સ્થાને "દંપતિ કેસ માટે" મુજબનો સુધારો કરવામાં આવે છે.
3. ઉક્ત ઠરાવની જોગવાઇ નં.(૪) મુજબની મેરિટ સિસ્ટમના કોષ્ટકના ક્રમ ૩ સામે પરિણામ આધારિત પોઇન્ટસની જોગવાઇ યથાવત રાખી, તેની નીચે વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે રાખેલ ગુણાંકનની ટકાવારીની નોંધ રદ કરવામાં આવે છે.



Scanned with OKEN Scanner

4. વધુમાં, ઠરાવની જોગવાઇ (જ) b હેઠળ નીચે મુજબ જોગવાઇ (જ) c ઉમેરવામાં આવે છે:

" ઉક્ત કોષ્ટકમાં ક્રમ ૧ સામે દર્શાવેલ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી હેઠળની સેવાઓના સમયગાળા માટે, અગાઉ જેને જિલ્લા ફેરબદલી (તબીબી કિસ્સા અન્ય ખાસ કિસ્સા સહિત)નો લાભ મળેલ હોય પણ વહીવટી કે અન્ય કારણોસર છુટા થઇ શકેલ ન હોય તેવા કર્મચારીઓ માટે સેવાઓના સમયગાળો જે તે જિલ્લા ફેરબદલી વાળી નવી જગ્યાએ હાજર થયા તારીખથી ન ગણતાં, જિલ્લા ફેરબદલી અંગે થયેલ હુકમની તારીખને ધ્યાને લઇ ગણાવાનો રહેશે."

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇફાઇલ પર સરકારશ્રીની તારીખ ૦૫/૦૨/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.જી.ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

- સંયુક્ત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(પ્રા.મા. અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧/૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા.મા. અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨/૧, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પ્રા. અને મા.શિ.)ના રહસ્ય સચિવશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, IT સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી( નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- શાખા સિલેક્ટ ફાઇલ.

---

ક્રમાંક– COS/BDL/e-file/276/2024/0279/Establishment/૯૭૨-૧૦૦૫

કમિશનર શાળાઓની કચેરી
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, પુનિત વનની સામે,
સેક્ટર–૧૯ ,ગાંધીનગર.
**તા.૧૧/૦૨/૨૦૨૫**

> **ઉક્ત પત્રની જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.**

પ્રતિ
**જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ.**

M.G.V.
નાયબ શિક્ષણ નિયામક
(મહેકમ)
કમિશનર, શાળાઓની કચેરી
ગુ.રા. ગાંધીનગર

Signature valid
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2025.02.11 11:09:53 +05:30



Scanned with OKEN Scanner

| સુરત જિલ્લાની સરાકરી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિષયવાર ખાલી જગ્યા આંતરિક કેમ્પમાં રજૂ કરવાની સખ્યા | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | માધ્યમિક વિભાગ | | | | ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | | | | | | | | | |
| ૧ | ગુજરાતી | ગણિત-વિજ્ઞાન | અગ્રેજી | સામાજીક વિજ્ઞાન | નામાનામૂળ તત્વો | બાયોલોજી | રસાયણ વિજ્ઞાન | અર્થશાસ્ત્ર | અંગ્રેજી | ગુજરાતી | ભૌતિક વિજ્ઞાન | મનોવિજ્ઞાન | સમાજશાસ્ત્ર | આંકડાશાસ્ત્ર |
| | ૨ | ૧૯ | ૧૯ | ૯ | ૪ | ૧ | ૨ | ૫ | ૯ | ૭ | ૨ | ૩ | ૧ | ૨ |

જિલ્લા શિક્ષણાધિકારી.
સુરત જિલ્લો, સુરત

Scanned with OKEN Scanner